(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે જય ગોપાળ સેના તથા રબારી સમાજ દ્વારા તાજેતરમાં સ્વ. રબારી હાથીભાઈ વાલાભાઈ (જોટાણા), ના અવસાન થયા બાદ પ્રથમ માસીક તીથિ નિમિત્તે ગોપાલક છાત્રાલય ખાતે બ્લડ ડોનેશન કેમ્પ, ધાબળા વિતરણ, ગરીબ દર્દીઓને ફુટ વિતરણ તેમજ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસાની ગોપાલક છાત્રાલય ખાતે જય ગોપાળ સેના અને રબારી સમાજ દ્વારા ૧ માસ અગાઉ અવસાન પામેલા સ્વ. હાથીભાઈ વાલાભાઈ રબારી (જોટાણા) ની પ્રથમ માસીક તીથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ગરીબોને ધાબળાનું વિતરણ ગરીબ દર્દીઓને ફુટનું વિતરણ તેમજ ૧ ટેમ્પો ગાયોને ઘાસ, પક્ષીઓને જુવાર સહિત છાત્રાલય ખાતે પ્રાથના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, ક્રિષ્ના કાઠીયા વાડીના, નરસિંહભાઈ દેસાઈ બાબુભાઈ દેસાઈ, મોતીભાઈ દેસાઈ સહિત રબારી સમાજના ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા તાલુકાના ખરડોસણ ગામે હત્યા

પતિએ પત્નીની છેડતી કરનારની કરી હત્યા

ડીસા, તા. ૪

ડીસા તાલુકા ના ખરડોસણ ગામે એક ઈસમે દારુપી છાકટા બની ભાગિયા ખેત મજુરી કરતી એક પરણીતા ની આબરૂ લેવા છેડતી કરી હતી,જોકે પોતાની પત્ની ની છેડતી કરનાર ઈસમ ની તે બાદ ઉસ્કેરાયેલા પતિએ હત્યા કરતા ચકચાર મચેલ છે, આ મામલે ડીસા તાલુકા પોલીસે હત્યા કરનાર પતી વિરુદ્ધ હત્યાનો ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા ના ડીસા તાલુકાના ખરડોસણ ગામે ગત રાત્રે અંગત અદાવતે એક યુવક ની હત્યા નો બનાવ -કાશ માં આવેલ છે,આ ઘટના ની પોલીસ દફ્તરે થી મળેલી વિગતો જોઈએ તો ડીસા તાલુકા ના ખરડોસણ ગામે અમરતભાઈ લીલાભાઈ દેસાઈ ના ખેતરમાં છેલ્લા બે માસ થી ભાગિયા ખેતી કામમાં જયન્તીજી કાળુજી ઠાકોર કામ કરતા હતા અને ખેતરમાં જ છાપરું બાંધી પોતાની પત્ની આરતીબેન અને બે બાળકો સાથે રહેતા હતા,જોકે આજ ગામનો હમીરજી છગનજી ઠાકોર નામનો ઈસમ પરણીતા એવી આરતીબેન ઠાકોર પર ખરાબ નજર રાખતો હતો, અને ગઈકાલે રાત્રી સમયે તેને આરતીબેન ને એકલા જોઈ છેડતી કરવાની કોશિશ કરી હતી, જેથી પરણીતા આરતીબેને લાજ બચાવવા કુકવા કરતા આ ઈસમ ભાગી છૂટ્યો હતો.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આમ દારૂપી છાકટા બનેલા હમીરજી છગનજી ઠાકોર દ્વારા પોતાની પત્નીની ઈજ્જત લેવાની કોશિશ કરવાની વાત પતી જયન્તીજી કાળુજી ઠાકોર ને ખબર પડતા તે ઉશ્કેરાયો હતો,અને તે બાદ ભાગેડુ થયેલા હમીરજી છગનજી ઠાકોર ને પાછળ દોડી ઝડપી પાડ્યો હતો, અને તે બાદ ની થયેલી તકરાર માં હમીરજી ઠાકોર ને માથા માં ઈજાઓ કરી પતી જયન્તીજી કાળુજી ઠાકોર ભાગી ગયો હતો,જે બાદ ઘાયલ હમીરજી ઠાકોર ને ૧૦૮ માં ડીસા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા,જોકે સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું આમ પત્ની ની છેડતી કરનાર ઈસમ ને ઉસ્કેરાત માં આવેલા પતિ એ માર મારી તેની હત્યા કરતા ડીસા તાલુકા પોલીસે હત્યારા પતિ વિરુદ્ધ ખૂન નો ગુનો દાખલ કરી પોલીસ ઈન્સ્પેકટર રઘુવરસિહ ભદોરિયા એ તપાસ હાથ ધરેલ છે.

આમ, સામાન્ય બાબત માં હત્યા જેવો ગુનો બનતા મૃતક ના પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું, જયારે બીજી તરફ આવેશ માં આવી શ્રમજીવી એવા જયંતિ ઠાકોર દ્વારા ખૂન જેવો આજીવન સજાપાત્ર ગુનો કરાતા કાયદા નાં -બંધો મુજબ તે જેલ માં જશે,અને તેની પત્ની અને બે બાળકો પણ નિરાધાર બનશે ,જેથી આ ગુનામાં બે પરિવારો નિરાધાર સ્તીથી માં આવેલ છે.

સાદોલિયા કેનાલ પાસેથી કતલખાને લઈ જવાતા બે પશુને પોલીસે બચાવ્યા

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ સાદોલિયા કેનાલ પાસેથી કતલખાને લઈ જવાતા બે પશુ ભરેલ જીપ ડાલાને પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ઝડપી પાડયું હતું. કતલખાને લઈ જવાતા બે પશુઓને બચાવી લેવામાં આવ્યા હતા અને આ ગુનામાં એકની અટકાયત કરવામાં આવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ પોલીસના જવાનો વિક્રમસિંહ સોલંકી અને લાભુભાઈ દેસાઈ પ્રાંતિજ પાસે આવેલ સાદોલિયા નજીક બપોરે વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા દરમિયાન બોલેરો પિકઅપ ડાલુ જીજે-૯-વી-૮૫૯૭નો ચાલક રૂ. ૪૦ હજારની કિંમતની બે ભેંસો ભરીને પસાર થઈ રહ્યો હતો આ સમયે પોલીસને શંકા જતા પીક અપ ડાલા ને અટકાવી તેના ચાલકની પુછપરછ હાથ ધરી હતી પરંતુ જરુરી પરમીટ ચાલક પાસેથી મળી ન આવતા અને ભેંસોને કતલખાને લઈજઈ રહ્યા હોવાની કબુલાત કરતા પોલીસે ચાલક અરવિંદ સનાસિંહ ઝાલા (રહે. જલુદા)ની અટકાયત કરી હતી અને બંને પશુઓને પાંજરા પોળમાં મોકલી આપ્યા હતા.

પ્રાંતિજ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર શહેર ના એ-ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એ.બી.વાટલીયા ની ડીવાયએસપી તરીકે બઢતી અને તેમની બદલી ગાંધીનગર જીલ્લામાં એસટી એસસી માં થયાનો હુકમ થતા હિમતનગર એ અને બી ડીવીઝન પોલીસ મથક ધ્વારા વિદાય સમારંભ યોજાયો હતો.જેમાં હિમતનગર ડીવાયએસપી મહેશકુમાર ગુજ્ઞા ,હિમતનગર અ-ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ- એસ.એન.ગોહિલ ,બી-ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ -આર.આર.દેસાઈ અને સ્ટાફે એ.બી.વાટલીયાને શ્રીફળ અને સ્મૃતિ ચિન્હ આપી વિદાઈ આપી હતી.

મેઘરજમાં ગીતા જયંતિની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૪

અરવલ્લીના મેઘરજ તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં ગતરોજ ગીતા જયંતિ નિમિત્તે ગીતાના પાઠ યોજવામાં આવ્યા હતા. જેમાં પાંચસોથી વધુ બહેનોએ ભાગવત ગીતાની કથાનો લાભ લીધો હતો. મેઘરજ તાલુકાના અંતરીયાળ આદિવાસી વિસ્તારમાં જ્યાં ગરીબીએ માઝા મુકી છે. એવા ગામડાઓમાં જનકલ્યાણ સેવા સમિતિ અને રામદેવ આશ્રમ દ્વારા ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાકાર કરશનદાસ ખેરે કથાનું રસપાન કરાવી બહેનો દ્વારા દક્ષિણારૂપે તેમને તેમના ઘરમાંથી પતિ અથવા દિકરાને વ્યસનથી મુક્ત કરશે તેવું વચન લેવડાવ્યું હતું. ઉપરાંત ૯૦૦ થી વધુ બહેનોને નિઃશુલ્ક સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે રેફરલ હોસ્પિટલ મેઘરજમાં ગરીબ દર્દીઓને મફત ભોજન આપવાનો કાર્યક્રમનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આદર્શ વિદ્યાલય પલ્લાચરનું ગૌરવ

૧૪મી રાષ્ટ્રીય વુશુ-કુંગ-કુ રમતોત્સવમાં ધી આદર્શ વિદ્યાલય પલ્લાચરના વિદ્યાર્થી આશિષ પરમાર અને અવિષ્કાર પરમારે કરાટેની સ્પર્ધામાં અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ આ વિશેષ સિદ્ધિ મેળવી શાળા અને ગામનું ગૌરવ વધાર્યુ છે. આથી શાળા પરિવાર અને આચાર્ય ભાવેશભાઈએ કોચ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય ટ્રસ્ટ દ્વારા મોડાસામાં ગરમ કપડાંનું વિતરણ કરાયું

મોડાસા, તા.૪

ગુજરાત રાજયમાં ઠંડીનો ચમકારો ચાલુ થઈ ગયો છે ત્યારે કડકડતી ઠંડીમાં કામ કરતા ગરીબ જીવન જીવતા તથા બહેરા મુંગા અને વિકલાંગ વિદ્યાર્થીઓ તેમજ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ગરમ ધાબળા, સ્વટેર, સ્કાર્ફ, ગરમ ટોપી જેવા વસ્ત્રો પુરા પાડી સેવાકીય પ્રવૃત્તિ કરતા ગાંધીનગર શહેર વસાહત મંડળ અને અરુણોદય ટ્રસ્ટ એ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની લાયન્સ કલબ સોસાયટી સંચાલિત બહેરા મુંગા શાળાના બાળકોને ગરમ કપડાંનુ વિતરણ કર્યુ હતું.

અત્યારના યુગમાં માનવી પોતાના માતા પિતાને પણ તરછોડે છે તેવા કળીયુગમાં અને સ્વાર્થી દુનિયામાં નિસ્વાર્થ પણે ગરીબ લોકો અને જરુરીયાત મંદવાળા લોકોની સેવા કરતા અને શિયાળાની મોસમમાં ગરમ કપડાનું વિતરણ કરતા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય ટ્રસ્ટે અત્યાર સુધી ૧,૪૫,૦૦૦ લોકોને જરુરીયાત મંદોને સહાય પહોંચાડી હતી ચાલુ વર્ષે પણ ૧૦૩૩૦ કુલ ગરમ કપડા વિતરણ કરવાના છે તેમાંથી આજ રોજ અરવલ્લી જિલ્લામાં ૧૫૫૭ જરુરીયાતમંદ વિદ્યાર્થીઓને લાભ મળ્યો હતો.

જેમાં અરવલ્લી જિલ્લાની લાયન્સ કલબ સોસાયટી સંચાલિત બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓમાં ૫૧ કન્યાઓને સ્કાર્ફ અને ૧૪૧ કુમારોને ટોપીઓ વિતરણ કરીહતી જેમાં ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, ઉપપ્રમુખ મયુરભાઈ વ્યાસ, સલાહકાર દિનેશસિંહ ચાવડા,મંત્રી ચંદ્રકાન્ત જોણ એ બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓમાં ગરમ કપડાં વહેંચ્યા હતા. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ સોસાયટીના પ્રમુખ ડૉ. ટી.બી. પટેલ મંત્રી કીરીટભાઈ સુથાર અવહીવટી વિભાગના પરીન જોષીએ મહેમાનોનો આભાર માન્યો હતો. અને સતત ૧૧ વર્ષથી કરવામાં આવતા સેવાના ભગીરથ કાર્યનો લાભ બહેરા મુંગા શાળાના વિદ્યાર્થીઓને આપવા સરાહના કરી હતી ત્યાર પછી આ સેવાનો લાભ મેઘરજ સેવા મંડળની ૭ સંસ્થાઓ, કસાણા, ગોધાફળીયાની પ્રા.શાળા આદર્શ પાદર મહૂડી પ્રા. શાળા, ડેડીયા પાડા પ્રાથમિક શાળા, મેઘરજ મોરલી પ્રા. શાળા અને મેઘરજ પ્રા. શાળા નં.૭ના વિદ્યાર્થીઓને ગરમ કપડા વહેંચ્યા હતા.

લક્ષ્મીપુરા ગલ્લા એસો.ના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા વિસ્તારના ગલ્લા એસોસીએશનની સામાન્ય સભા તાજેતરમાં હનુમાનજી મંદિરના સભાખંડમાં મળી હતી.

જેમાં પ્રમુખ તરીકે ખેડબ્રહ્મા પાલિકાની ટાઉન પ્લાનીંગ સમિતિના ચેરમેન વણકર ગોવિંદભાઈ આશાભાઈ તથા ઉપપ્રમુખ તરીકે અંબાલાલ ક્રિષ્ણાજી વણજારા મંત્રી તરીકે મુકેશકુમાર એસ. પંડીત તથા સહમંત્રી તરીકે કોદરભાઈ આર. પટેલની વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોને સભામાં ઉપસ્થિત સૌએ બિરદાવ્યા હતા.

પ્રાંતિજ ટોલનાકા પાસેથી રૂ. ૫૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પ્રાંતિજ પોલીસે કુલ ૭૮,૮૨,૬૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓની ધરપકડ કરી

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ નજીકના ટોલનાકા પરથી પ્રાંતિજ પોલીસે ચેકીંગ દરમિયાન એક ટ્રેલરમાંથી ૫૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ૭૮ લાખથી વધારેનો મુદ્દામાલ કબજે કરી બે ઈસમોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ટોલનાકા પાસે આજે પ્રાંતિજ પોલીસમથકના પી.આઈ. ભરત પટેલની આગેવાનીમાં સ્થાનિક પોલીસ અને ટ્રાફિક પોલીસની ટીમે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન રાજસ્થાન તરફથી આવતી ટ્રેલર નં. પી.બી-૦૪-કે-૭૨૪૫ ની તપાસ કરતા તેમાંથી વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બાદમાં પોલીસે રૂ. ૫૧,૬૮,૫૮૦ની કિંમતની જુદી બ્રાન્ડની કુલ ૧૦૨૨ પેટી વિદેશી દારૂ, ટ્રેલર, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ ૭૮,૮૨,૨૬૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને બે આરોપી સોહનસિંગ જાગીરસિંગ જાટ (રહે. લુધિયાણા) અને ગરજાણસિંગ ચીમૌરસિંગ મજબીત (રહે. જેમનબાલા, માંગ, પંજાબી)ની ધરપકડ કરી બન્ને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧